GJCU070011772022

सत्यमेव जयते

# મે.જયુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી યુ.ડી.જાંબુની કોર્ટમાં બોડેલી

| | |
|---|---|
| પ્રાપ્તી તારીખ | ૦૬/૦૮/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૦૬/૦૮/૨૦૨૨ |
| ફેસલ તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૩ | ૧૦ | ૨૬ |

**ફોજદારી કેસ નં.૯૫૫/૨૦૨૨**
**આંક :**

| | |
|---|---|
| **ફરિયાદી** | **બારીયા પ્રવિણભાઈ ચીમનભાઈ,**<br>ઉ.વ.૩૩, ધંધો– વેપાર<br>રહે.૧૦૯૫, સાધના સોસાયટી, અલીપુરા,<br>તા. બોડેલી, જી. છોટાઉદેપુર |

**વિ....રુ....ઘ્ધ**

| | |
|---|---|
| **આરોપી** | **રાઠવા સીતાબેન દિનેશભાઈ,**<br>હાલ રહે. સાધના સોસાયટી, અલીપુરા,<br>તા. બોડેલી, જી. છોટાઉદેપુર<br>મુળ રહે. મુ. સરકી મહોડી, ગલમપુરા, જી. પંચમહાલ |

**ગુન્હો:– ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ**

**રજુઆત**
**ફરિયાદી તર્ફે વિદ્વાન વકીલ શ્રી એ. એમ. લાલા**
**આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી કે. એમ. મહારાઉલ**

# —::: ચુ કા દો :::—

૧. આ કામના ફરિયાદીએ આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના અન્વયેની ખાનગી ફરિયાદ આપતા ફરિયાદ તેમજ સાથે રજુ થયેલ પુરાવાઓ વિગેરે ધ્યાને લઈ હાલના ગુનાનું કોગ્નીઝન્સ લેવામાં આવેલ છે અને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૪ મુજબ આરોપીને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

**હાલની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે,**

આ કામના ફરીયાદી બોડેલી મુકામે કે.બી. ઈલેકટ્રોનીકસના નામે છુટક વેપાર કરે છે તેમજ આરોપી તેમના ફળીયામાં જ રહેતા હોય અને ઘરે આવતા જતા હોય, ફરીયાદીના પત્નીના મિત્ર થતા હોય તેઓને ઓળખે છે અને તેઓ વચ્ચે સારા સબંધ હોય આરોપી અવાર નવાર ફરીયાદી પાસેથી અંગત કામ માટે રૂપીયા લઈ જતા અને પરત કરતા હતા. ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે ૬–૭ મહીના અગાઉ ફરીયાદી તેમના પત્ની સાથે બેઠા હતા તે સમયે આરોપી ત્યાં આવેલ અને અંગત કામ માટે રૂા.૮૦,૦૦૦/– ની જરૂર છે અને જણાવેલ કે, તેઓને લોનના હપ્તા બેન્કમાં ભરવાના છે. જેથી ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી પોતાની અંગત બચતમાથી રૂા. ૮૦,૦૦૦/– આપેલા, તેમજ આરોપીએ તે સમયે ફરીયાદીને આઈ.ડી.બી.આઈ બેન્ક બોડેલી શાખાનો , તેમના ખાતાનો રૂા. ૮૦,૦૦૦/– નો ચેક નં.૦૩૧૯૫૪ નો તારીખની જગ્યા ખાલી રાખીને સહી કરીને આપેલો. ત્યાર બાદ આરોપીએ આપેલ ચેક ફરીયાદી એ તા.૦૫/૦૬/૨૦૨૨ ના રોજ તેમના એકસીસ બેન્ક, બોડેલી શાખાના ખાતામા વટાવવા માટે રજુ કરતા સદરહુ ચેક **"ફંડસ ઈનસફીસીયન્ટ"** ના શેરા સાથે

તા.૦૮/૦૬/૨૦૨૨ નારોજ રીટર્નમેમાથી પરત ફરેલ છે. જેથી ફરિયાદીએ આરોપીને તેમના વિ.વ.શ્રી મારફતે તા.૧૮/૦૬/૨૦૨૨ નારોજ રજી.પો.એડી થી આરોપી ના હાલના તથા મુળ રહેણાંકના સ્થળે કાયદેસરની નોટીસો પાઠવેલ. જે નોટીસ આરોપીને તા.૨૩/૦૬/૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે. તેમ છતાં આરોપીએ ફરીયાદીની કાયદેસરની બાકી લેણી રકમ પરત આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી ફરિયાદીએ આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

૨. ત્યારબાદ ફરિયાદીની ફરિયાદ અન્વયે આરોપીને ઈસ્યુ કરવામાં આવેલ સમન્સની બજવણી થતા આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ અને આરોપીને ફરિયાદની તેમજ ફરિયાદીએ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાની નકલ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાતરી કર્યા બાદ આરોપીને તેમની સામેના ગુન્હાની સમજ આપી **આંક–૧૧** થી નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ગુન્હો કબુલ નહિ હોવાનું જણાવતા ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. હાલનાં કેસમાં ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

**::: ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો :::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી– બારીયા પ્રવિણભાઈ ચીમનભાઈ ની સરતપાસનું સોગંદનામુ | ૦૪ |

**::: ફરિયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | તકરારી ચેક નં. ૦૩૧૯૫૪ | ૨૫ |

| | | |
|---|---|---|
| ૨ | ચેક રીટર્ન મેમો | ૨૬ |
| ૩ | નોટીસ રજી.એ.ડી. કર્યાની પોસ્ટની પાવતીઓ નંગ–૨ | ૨૭ |
| ૪ | નોટીસની નકલ | ૨૮ |
| ૫ | પોસ્ટ ઓફીસ તરફથી આપવામાં આવેલ ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ | ૨૯ |
| ૬ | આરોપીને હાલના સરનામે મોકલાવેલ નોટીસનું પરત ફરેલ અસલ કવર | ૩૦ |

૪. ત્યારબાદ ફરિયાદી તર્ફે **આંક–૩૪** થી કલોઝીગ પુરસીસ રજુ કરી પુરાવો પુર્ણ કરેલ છે.

૫. હાલનાં કેસમાં આરોપીપક્ષ તરફથી નીચે મુજબનો મૌખીક પુરાવો રજુ થયેલ છે.

**::: આરોપી પક્ષનો મૌખિક પુરાવો :::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ–વિરેન્દ્રભાઈ કાંતીભાઈ પરમાર | ૪૪ |

સબબ કામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ સાથે વાંચતા કલમ–૨૮૧ મુજબ આરોપી વિરુધ્ધ રેકર્ડ ઉપર આવેલ પુરાવા સબબ તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ મહદઅંશે ફરિયાદપક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરીને જણાવેલ છે કે, તેઓએ ફરીયાદીને કોઈ ચેક આપેલ નથી, તેઓ મજુરી કરીને પોતાનુ ભરણપોષણ કરે છે અને તેઓ નિર્દોષ હોય છોડી મુકવા અરજ કરેલ છે.

## ::: ઉભયપક્ષની દલીલ :::

૬. ફરિયાદપક્ષે તેઓનાં **વિ.વ.શ્રી એ. એમ. લાલા** દ્વારા વિગતવારની મૌખિક દલીલમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૯૮૧ ની કલમ–૧૩૮ મુજબના તમામ જરૂરી તત્વો પુરવાર કરેલ છે અને તેઓનો કેસ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી સાબિત કરેલ છે અને આરોપી પર જે પુરાવાના ખંડન કરવાનો બોજો હતો તેનું ખંડન કરવા માં આરોપી તદ્દન નિષ્ફળ નિવડેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, ફરિયાદીના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વિરુધ્ધના આરોપીપક્ષ દ્વારા કોઈ ખંડનાત્મક પુરાવા રજુ થયેલ ન હોય જેથી આરોપી સામેનો ફરિયાદપક્ષે કેસ પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં નિર્ધારીત કરેલ મહત્તમ સજા કરવા તેમજ ચેક મુજબ ની રકમ વળતર તરીકે અપાવવા અરજ કરેલ છે.

આ કામનાં આરોપી તર્ફે **વિ.વ.શ્રી કે. એમ. મહારાઉલ** દ્વારા દલીલમાં મુખ્યત્વે રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી સને ૨૦૨૧ મા રૂા. ૨૦,૦૦૦/– વ્યાજે લીધેલ અને તે રકમ તેઓએ પોતાની સગવડ મુજબ ફરીયાદીને ચુકવી આપેલ છે. ફરીયાદીએ આરોપી સાથે છેતરપીડી કરીને લોન અપાવવાના બહાને કોરો ચેક મેળવી લઈ તેનો દુરઉપયોગ કરી હાલની ખોટી વિગતો વાળી ફરીયાદ કરેલી છે. ફરીયાદીએ રૂપીયા વીસ હજારથી વધુનો વ્યવહાર રોકડેથી કરેલ છે અને ઈન્કમટેક્ષના નિયમોનુ પાલન કરેલ નથી. ફરીયાદીએ સાક્ષી તરીકે પોતાની પત્નીને તપાસેલા નથી. આરોપી તરફે રજુ કરેલ સાહેદના પુરાવાથી પણ ફરીયાદી ગેરકાયદેસર વ્યાજની ઉઘરાણી કરતા હોવાનુ રેકર્ડ પર આવેલ છે. ફરીયાદીએ ઉલટ તપાસ દરમ્યાન ચેકની તારીખ પોતે ભરેલાનુ સ્વિકારેલ છે. તેમ જ ચેકના સહી અને બોડી રાઈટીંગ ગુજરાતી તથા અંગ્રેજી ભાષામા હોવાનુ પણ સ્વિકારેલ છે. આમ, ફરીયાદીએ વિધવા બાઈ પાસેથી ખોટી રીતે લોનના નામે ચેક મેળવી ખોટી ફરીયાદ કરેલ હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

વધુમાં આરોપી તરફે તેઓની લેખીત દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ રાખેલ છે.

(૧) દશરથભાઈ ત્રીકમભાઈ પટેલ વિ. હિતેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ

(૨) પ્યારસીંગ વિ. નેહાકુમારી

૭. ઉપરોક્ત હકીકતે આ કેસની ઈન્સાફી કાર્યવાહીના ન્યાયીક નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::: મુ દ્દા ઓ :::**

**(૧)** શું ફરિયાદી નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદવાળો તકરારી ચેક આરોપીએ પોતાનાં કાયદેસરનાં દેવાની ચુકવણી પેટે ફરિયાદીને લખી આપેલ જે નિયત સમયમાં વટાવવા માટે ફરિયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વીકારાયે પરત ફરેલ, જેથી નિયત સમયમાં આરોપીને પોસ્ટ મારફતે કાયદેસરની નોટીસ મોકલાવેલ, જે નોટીસ મળી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી હાલનાં કામનાં તકરારી ચેકની રકમ ફરિયાદીને નહિ ચૂકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૯૮૧ ની કલમ–૧૩૮ મુજબ સજા ને પાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨)** શું આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૯૮૧ ની કલમ–૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરી શકેલ છે ?

**(૩)** શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

**(૧)** હકારમાં,

**(૨)** નકારમાં,

**(૩)** આખરી હુકમ મુજબ.

::: કા ર ણો :::

**મુદ્દા નં. ૧ તથા ૨ ની સંયુકત ચર્ચા**

૯. આ કામે રજુ થયેલ પુરાવાઓનું વિશ્લેષણ કરતા પહેલા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય ઘ્યાને લેતાં,

"The Statement of Objects and Reasons of Act 66 of 1988 states, "….to enhance the acceptability of cheques in settlement of liabilities by making the drawer liable for penalties in case of bouncing of cheques due to insufficiency of funds in the accounts or for the reason that it exceeds the arrangements made by the drawer, with adequate safeguards to prevent harassment of honest drawers."

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કાયદાની કલમ–૧૩૮ માં જણાવેલ નીચે મુજબના **આવશ્યક તત્વો** કે જે ના.સુપ્રિમ કોર્ટનાં **Gimpex Private Limited vs. Manoj Goel (2022) 11 SCC 705** ના ચુકાદામાં વર્ણવેલ છે, તે ઘ્યાને લેવા જરૂરી છે,

**The ingredients forming the basis of the offence under Section 138 of the NI Act**

**(i)** The drawing of a cheque by person on an account maintained by him with the banker for the payment of any amount of money to another from that account;

**(ii)** The cheque being drawn for the discharge in whole or in part of any debt or other liability;

**(iii)** Presentation of the cheque to the bank arranged to be paid

from that account,

**(iv)** The return of the cheque by the drawee bank as unpaid either because the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount

**(v)** A notice by the payee or the holder in due course making a demand for the payment of the amount to the drawer of the cheque within 30 days of the receipt of information from the bank in regard to the return of the cheque; and

**(vi)** The drawer of the cheque failing to make payment of the amount of money to the payee or the holder in due course within 15 days of the receipt of the notice.

વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરિયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. જે બંને કલમો વંચાણે લેતા નીચે મુજબ છે.

**Section 118. Presumptions as to negotiable instruments.**

Until the contrary is proved, the following presumptions shall be made:

**of consideration** - that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;

**as to date** - that every negotiable instrument bearing a date was made or drawn on such date;

**as to time of acceptance** - that every accepted bill of exchange

was accepted within a reasonable time after its date and before its maturity;

**<u>as to time of transfer</u>-** that every transfer of a negotiable instrument was made before its maturity;

**<u>as to order of endorsement</u> -** that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

**<u>as to stamps</u>-** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

**<u>that holder is a holder in due course</u> -** that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**<u>Section 139. Presumption in favour of holder.</u>**

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

વધુમાં ના.સુપ્રિમ કોર્ટનાં **<u>Basalingappa V/S Mudibasappa - AIR 2019 SUPREME COURT 1983</u>** ના ચૂકાદામાં પેરા–૨૩ માં ધી

નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) અને કલમ–૧૩૯ સંદર્ભે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવ્યા તે માનભેર વંચાણે લેતા તે મુજબ ,

" **PARA- 23**. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarize the principles enumerated by this Court in following manner:

**(i)** Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

**(ii)** The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defense. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

**(iii)** To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defense. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

**(iv)** That it is not necessary for the accused to come in the witness box in support of his defense, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

**(v)** It is not necessary for the accused to come in the witness box to support his defense.

૧૦. આ કામનાં ફરિયાદીએ ફરિયાદના સમર્થનમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૪૫(૧) મુજબનું સરતપાસનું સોગંદનામું **આંક–૦૪** થી રજુ

રાખેલ છે, જેમાં ફરિયાદીએ તેમની ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને **આંક–૨૫ થી આંક–૩૦** મુજબના લિસ્ટમાં જણાવ્યા મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

આમ, સદરહુ કામે ફરિયાદીનો **આંક–૦૪** નો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, બચાવપક્ષ દવારા તકરારી ચેક આરોપીના ખાતાનો નહી હોવાનો કોઈપણ પ્રકારનો માનવાલાયક પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આમ, સદરહું ફરિયાદવાળો ચેક આરોપીના ખાતાનો હોવાનું રેકર્ડ ઉપર સ્પષ્ટ થાય છે. વધુમાં **આંક–૨૫** થી રજુ તકરારી ચેકમાં આરોપીની સહી નથી તેવી કોઈ જ હકીકત કે બચાવ આરોપી દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

વધુમાં આ પુરાવા ધ્યાને લેતા સદર તકરારી ચેક તેની સમયમર્યાદામાં વટાવવા માટે રજુ કરવા માં આવેલ છે તેમજ રીટર્ન મેમામાં જણાવેલ કારણોસર પરત ફરેલ છે, જેથી ફરિયાદી દ્વારા નિયત સમયમાં આરોપીને પોસ્ટ મારફતે કાયદેસરની લેખિત નોટીસ આરોપીને મોકલાવેલ, જે નોટીસ પૈકી આરોપીના મુળ રહેઠાણના સરનામે મોકલેલ નોટીસ આરોપીને મળી ગયેલ છે, અને તેમ છતાં આરોપીએ ફરિયાદવાળા ચેકની રકમ ફરિયાદીને ચૂકવેલ નથી.

**૧૧.** આ તબકકે ના.સુપ્રિમ કોર્ટનાં **Rajesh Jain Versus Ajay Singh 2023 (0) AIJEL-SC 72588** ના ચૂકાદામાં પેરા–૩૮, ૪૧, ૪૨ માં ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮(એ) અને કલમ–૧૩૯ સંદર્ભે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવ્યા તે માનભેર વંચાણે લેવા માં આવે તો તે નીચે મુજબ છે,

**38.** As soon as the complainant discharges the burden to prove that the instrument, say a cheque, was issued by the accused for discharge of debt, the presumptive device under Section 139 of the

Act helps shifting the burden on the accused. The effect of the presumption, in that sense, is to transfer the evidential burden on the accused of proving that the cheque was not received by the Bank towards the discharge of any liability. Until this evidential burden is discharged by the accused, the presumed fact will have to be taken to be true, without expecting the complainant to do anything further.

**41.** In order to rebut the presumption and prove to the contrary, it is open to the accused to raise a probable defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. The words ‘until the contrary is proved’ occurring in Section 139 do not mean that accused must necessarily prove the negative that the instrument is not issued in discharge of any debt/liability but the accused has the option to ask the Court to consider the non-existence of debt/liability so probable that a prudent man ought, under the circumstances of the case, to act upon the supposition that debt/liability did not exist.**[Basalingappa Vs. Mudibasappa (AIR 2019 SC 1983) See also Kumar Exports Vs. Sharma Carpets (2009) 2 SCC 513]**

**42.** In other words, the accused is left with two options. The first option- of proving that the debt/liability does not exist-is to lead defence evidence and conclusively establish with certainty that the cheque was not issued in discharge of a debt/liability. The second option is to prove the non-existence of debt/ liability by a preponderance of probabilities by referring to the particular circumstances of the case. The preponderance of probability in

favour of the accused’s case may be even fifty one to forty nine and arising out of the entire circumstances of the case, which includes: the complainant’s version in the original complaint, the case in the legal/demand notice, complainant’s case at the trial, as also the plea of the accused in the reply notice, his 313 statement or at the trial as to the circumstances under which the promissory note/cheque was executed. All of them can raise a preponderance of probabilities justifying a finding that there was ‘no debt/liability’. **[Kumar Exports and Sharma Carpets, (2009) 2 SCC 513]**

ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટનાં ચુકાદાને માનભેર વંચાણે લેતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) ની જોગવાઈ મુજબ, જયાં સુધી વિરુધ્ધ નું સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત કાયદેસરનાં અવેજ માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તા એ તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમનાં કાયદેસરના દેવા અથવા જવાબદારી ની અંશતઃ અથવા પુર્ણ ચુકવણી માટે મેળવેલ હશે. તેમજ એકવાર કલમ–૧૩૯ હેઠળ ધારણા સ્પષ્ટ થઈ જાય તેવા સંજોગોમાં કોર્ટે એ ધારણા ઉપર આગળ વધવુ જોઈએ કે ચેક ખરેખર દેવુ/ જવાબદારી ચુકવવા માટે જ આપેલ છે, અને ત્યારપછી સમગ્ર ધ્યાન આરોપી દ્વારા સ્થાપિત કેસ ઉપર કેન્દ્રિત કરવું જરૂરી છે. અને કોર્ટે ચકાસવાનું રહે છે કે, આરોપી એ તેના ઉપર આવેલ ધારણાનું ખંડન કરી શકેલ છે કે નહિ.

વધુમાં આ બંને અનુમાનોનુ ખંડન આરોપી પક્ષે પોતાના સંભવીત અને માની શકાય તેવો બચાવ રજુ કરીને કરવાનો છે આવો બચાવ રજુ કરવા માટે

આરોપી પક્ષે જાતે કોઈ પુરાવો રજુ કરી કે સાહેદ તરીકે જુબાની આપીને અથવા સાહેદો તપાસીને અથવા આરોપી પક્ષ તેમનો બચાવ ફરિયાદ પક્ષના પુરાવા પરથી પણ પ્રબળ શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવી ને કરી શકે છે આવો પ્રોબેબલ બચાવ રજુ કરવાનો અર્થ માત્ર સુચનો કરવા તેવો પણ થતો નથી, પરંતુ આવો સંભવીત બચાવ એવી રીતે રજુ થવો જોઈએ કે જેના આધારે સામાન્ય સમજણ શકિતવાળો વ્યકિત તે બચાવને સંભવીત અને સામાન્ય રીતે માનવા યોગ્ય માની શકે.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટના **K.PRAKASHAN VS P.K.SURENDRAN 2008 (1) SCC (CRIMES) 200 TYF RANGAPPA VS MOHAN - AIR 2010 SC 1898** ના ચુકાદાઓ માનભેર વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી –પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપી એ સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

**૧૨.** ઉપરોકત કાયદાકીય સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત જોગવાઈઓને ઘ્યાને રાખતા શું આરોપી પક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ –૧૩૯ નાં અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહીં, તે બાબતે રજુ થયેલ પુરાવાઓ વંચાણે લેતાં,

**આરોપીનો બચાવ**

આ કામે આરોપી દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી. આરોપીએ તેમના સમર્થનમાં સાહેદ તપાસેલ છે. આરોપી દ્વારા ફરિયાદીની

ઉલટતપાસ તેમજ તેઓએ તપાસેલ સાહેદની જુબાની તેમજ દલીલમાં જે રજુઆત કરેલ છે તે ધ્યાને લેતા,

**૧૨.૧ ચેકમાં સહી તેમજ લખાણ અલગ–અલગ હોવા બાબતનો બચાવ :–**

આરોપી દ્વારા ઉલટતપાસમાં બચાવ લેવામાં આવેલ છે કે, તકરારી ચેક માં સહી તેમજ અન્ય લખાણ અલગ–અલગ ભાષામા થયેલ છે તેમજ તકરારી ચેકની તારીખની વિગત ફરીયાદીએ ભરેલ છે. આરોપી તર્ફે લેવામાં આવેલ આ બચાવ સંદર્ભે ના.સુપ્રિમ કોર્ટના **Bir Singh vs. Mukesh Kumar, (2019) 4 SCC 197** નાં ચુકાદાના પેરા–૩૭, ૩૮ અને ૪૦ ને વંચાણે લેતા તે નીચે મુજબ છે,

**PARA 37.** A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who **signs a cheque and makes it over to the payee** remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

**PARA 38.** :- If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

**PARA 40.** Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.

આમ, ના.સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાના પેરા વંચાણે લેતા તેમજ આરોપી દ્વારા ચેકમાં દર્શાવેલ રકમ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ નથી તેવુ માનવા પ્રેરે તેવો લેશમાત્ર પુરાવો રજુ કરેલ નથી, જેથી ખંડનાત્મક પુરાવાની ગેરહાજરીમાં આરોપીનો આ બચાવ ટકવાપાત્ર નથી.

**૧૨.૨. રૂપીયા વીસ હજારથી વધુનો વ્યવહાર રોકડેથી કરેલ છે, તેમજ ઈન્કમટેક્ષના નિયમોનું પાલન કરેલ નથી, તે બાબતે બચાવ :–**

આરોપી તર્ફે ઉલટ તપાસ દરમ્યાન તેમજ દલીલમાં બચાવ લેવામાં આવેલ છે કે સદર કામે ફરીયાદીએ રૂા. ૨૦,૦૦૦/– થી વધુનો કહેવાતો વ્યવહાર રોકડેથી કરેલ હોય ફરીયાદીએ ઈન્કમટેક્ષ એકટના નિયમોનુ સ્પષ્ટપણે ઉલ્લઘન કરેલ છે.

આરોપી તરફે લેવામાં આવેલ આ બચાવ સંદર્ભે ના.સુપ્રિમ કોર્ટના **SANJABIJ TARI VERSUS KISHORE S. BORCAR & ANR.** નાં ચુકાદાને માનભેર વંચાણે લેતાં તેમાં પેરા–૨૦ માં ના.સુપ્રિમકોર્ટે સ્પષ્ટ ઠરાવેલ છે કે,

"20. However, this Court is of the view that any breach of Section 269SS of the IT Act, 1961 is subject to a penalty only under Section 271D of the IT Act, 1961. Further neither Section 269SS nor 271D of the IT Act, 1961 state that any transaction in breach thereof will be illegal, invalid or statutorily void. Therefore, any violation of Section 269SS would not render the transaction unenforceable under Section 138 of the NI Act or rebut the

presumptions under Sections 118 and 139 of the NI Act because such a person, assuming him/her to be the payee/holder in due course, is liable to be visited by a penalty only as prescribed. Consequently, the view that any transaction above Rs.20,000/- (Rupees Twenty Thousand) is illegal and void and therefore does not fall within the definition of 'legally enforceable debt' cannot be countenanced."

ના.સુપ્રિમ કોર્ટના ચુકાદાના ઉપરોકત પેરાને માનભેર વંચાણે લેતા એ સ્પષ્ટ થાય છે કે, **Income Tax Act, 1961** ની **કલમ–૨૬૯ (એસએસ)** નો કોઈ પણ ભંગ ફકત સદર કાયદાની **કલમ–૨૭૧(ડી)** હેઠળ દંડ ને પાત્ર છે. તેના ઉલ્લંઘન માત્રથી કોઈ પણ વ્યવહાર ગેરકાયદેસર કે અમાન્ય ગણી શકાય નહિ કે તેનાથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ નાં અનુમાનોનું ખંડન થઈ શકે નહિ. વધુમાં સદર ચુકાદામાં સ્પષ્ટ કરેલ છે કે, રૂપિયા વીસ હજારથી વધુની રકમનો રોકડ વ્યવહાર ગેરકાયદેસર માની શકાય નહિ. જેથી આરોપીનો આ બચાવ પણ ટકવાપાત્ર નથી.

વધુમાં આરોપી તરફે પોતાની લેખીત દલીલ તેમજ ફરીયાદીની ઉલટ તપાસ દરમ્યાન તેમજ તેઓ તરફે તપાસવામાં આવેલ સાહેદ–વિરેન્દ્રભાઈ કાંતીભાઈ પરમારની જુબાનીથી અગાઉ ફરીયાદીએ આરોપીને રૂા. ૨૦,૦૦૦/– વ્યાજથી આપેલ અને તે રકમ આરોપીએ ફરીયાદીની તેમની સગવડ મુજબ ચુકવી આપેલ છે તે હકીકત રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ તે હકીકત અને હાલનો તકરારી વ્યવહાર બન્ને અલગ બાબત છે અને આરોપીની રજુઆત મુજબ અગાઉ લીધેલ રકમ તેઓએ ફરીયાદીને જો પરત કરી પણ દીધેલ હોય તેનાથી હાલના કેસની હકીકતોને કોઈ અસર થતી નથી. તેમજ આ કામના ફરિયાદીએ ગેરકાયદેસર વ્યાજની ઉઘરાણી કરેલ હોય તે હકીકત પણ આરોપી તર્ફે રજુ થયેલ પુરાવાથી નિઃશંકપણે પુરવાર થતી નથી.

વધુમાં આ કામના આરોપીને ફરિયાદીએ મોકલેલ નોટીસની બજવણી થયેલ છે, તેમ છતાં આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. ના.સુપ્રિમ કોર્ટે, **MMTC Ltd. and Another vs. Medchl Chemicals & Pharma (P) Ltd. and Another, (2002) 1 SCC 234** ના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવેલ છે કે, "When a statutory notice is not replied, it has to be presumed that the cheque was issued towards the discharge of liability"

આમ, ના.સુપ્રિમ કોર્ટના ચુકાદાને માનભેર વંચાણે લેતાં તેમજ હાલના આરોપીએ પણ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી તે સંજોગોમાં પણ આરોપીએ ચેક કાયદેસરના લેણા પેટે આપેલ છે તેવુ અનુમાન આરોપી વિરૂધ્ધ થઈ શકે છે.

વધુમાં આરોપી દ્વારા લેવામાં આવેલ બચાવ કે, ફરિયાદીએ આરોપીને લોન અપાવવાના નામે કોરો ચેક મેળવી લઈ તેનો દુરઉપયોગ કરીને ખોટી ફરીયાદ કરેલ છે તે બચાવ "સંભાવનાની પ્રાધાન્યતા" ના ધોરણ ને પુર્ણ કરતો નથી. આ કામનાં ફરિયાદી તર્ફે રજુ પુરાવાઓ ધ્યાને રાખતા તેમજ આરોપી તર્ફે આ બચાવ સંદર્ભેના અન્ય કોઈપણ સંબંધિત સ્પષ્ટ સચોટ પુરાવાની ગેરહાજરીમાં અત્રેની કોર્ટનો સ્પષ્ટ અભિપ્રાય છે કે, કાયદાની જોગવાઈ મુજબ બચાવપક્ષે એક સંભવિત બચાવ ઉભો કરવાની જરૂર છે, જે બચાવ **"સંભાવનાની પ્રાધાન્યતા"** ના ધોરણને પુર્ણ કરતો હોવો જોઈએ અને માત્ર શકયતા નહિ. ના.સુપ્રિમ કોર્ટે **Krishna Rao Vs. Shankaragauda 2018 SCC Online SC 651** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

**Para 20.** The accused may adduce evidence to rebut the presumption, but **mere denial** regarding existence of debt shall not serve any purpose.

જેથી ખંડનાત્મક પુરાવાની ગેરહાજરીમાં તકરારી ચેક આરોપી એ

ફરિયાદીની કાયદેસરની લેણી રકમ પેટે ફરિયાદીને આપેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે.

વધુમાં આરોપી તરફે રજુ થયેલ ચુકાદાઓ ઘ્યાને લેતા, તે પૈકી દશરથભાઈ ત્રીકમભાઈ પટેલના ચુકાદાને માનભેર વંચાણે લેતા તેમા આરોપી ઘ્વારા ફરીયાદીને પાર્ટ પેમેન્ટ કરવામાં આવેલ છે અને તે હકીકત સ્પષ્ટપણે તે કેસમાં પુરવાર થયેલ હોય જેથી ચેકમાં જણાવેલ રકમ કાયદેસરની લેણી રકમ પુરવાર થયેલ ન હોય આરોપીને ૧૩૮ ના ગુનામાં ના. સુપ્રીમ કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકેલ પરંતુ હાલના કેસના સંજોગો સદર કેસથી તદ્દન વિપરીત હોય સદર ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

આરોપી તરફે રજુ થયેલ અન્ય ચુકાદાને માનભેર વંચાણે લેતા, સદર ચુકાદાના કેસના સંજોગો પણ હાલના કેસની હકીકતોથી તદ્દન વિપરીત હોય સદર ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

**૧૩.** આમ, આરોપી દ્વારા તેમના નિભાવવામાં આવતા ખાતામાંથી ફરિયાદી ની કાયદેસર ની લેણી રકમ ચૂકવવા ચેક આપેલ છે, જે ચેક ફરિયાદી દ્વારા નિયત સમયમર્યાદામાં રજૂ કરવામાં આવેલ છે, તેમજ આ ચેક **"ફંડસ ઈનસફીસીયન્ટ"** ના કારણે પરત થયેલ તેમજ ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદી એ ૩૦ દિવસની સમયમર્યાદામાં કાયદેસરની લેણી રકમની માંગણી કરતી લેખિત નોટીસ આરોપીને તેમનાં સરનામે મોકલેલ છે. આમ, ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ની જોગવાઈ ઓનું પાલન કરેલ છે. આરોપી દ્વારા લીધેલ બચાવો પણ માત્ર કાલ્પનીક અને માનવાલાયક નથી તે બાબત પણ ઉપરોકત પેરાઓમાં કરવામાં આવેલ ચર્ચાથી પુરવાર થાય છે, જેથી ફરિયાદીની તરફેણમાં ઉદભવેલ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન આરોપી પક્ષે સંભવીત અને માની શકાય તેવો બચાવ રજુ કરીને તેમજ ફરિયાદ પક્ષના પુરાવા પર પ્રબળ શંકા

ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે, જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના અનુમાન આ કામના ફરિયાદીની તરફેણમાં રહે છે અને તેનું ખંડન કરી ફરિયાદી ઉપર કેસ પુરવાર કરવાનો બોજો શીફટ થયેલ નથી.

**૧૪.** આ સંજોગોમાં આરોપીએ ફરિયાદવાળા તકરારી ચેકની રકમ ફરિયાદીને ન ચુકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું પુરવાર થાય છે, અને જેથી **મુદ્દા નં.૧** નો જવાબ **"હકાર"** માં ઠરાવવામાં આવે છે. તેમજ આરોપી દ્વારા કલમ–૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નં.૨** નો જવાબ **"નકાર"** માં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૩**

**૧૫.** ઉપરોકત મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨ ની સંયુકત ચર્ચા અને નિર્ણયો ધ્યાને રાખતા તેમજ કેસ નું સમગ્ર રેકર્ડ, રજુ થયેલ પુરાવાઓ અને કાયદાકીય જોગવાઈઓ તેમજ દલીલોને ધ્યાને રાખતા **મુદ્દા નં.૩** નો નિર્ણય **"હકાર"** માં આપવામાં આવે છે, અને આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) (ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૨)) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નાં ગુના સબબ **"તકસીરવાન"** ઠરાવવામાં આવે છે.

સબબ કામના આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

**તા.૦૧–૦૭–૨૦૨૬** **(ઉત્પલકુમાર ડી. જાંબુ)**
**સ્થળ – બોડેલી** **જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ,**
**બોડેલી**
**JUDGE CODE GJ01463**

## સજા બાબતે સાંભળ્યા...

**૧૬.** હાલનાં કામે ફરિયાદીનાં વિ.વ.શ્રી તથા આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી હાજર છે.

ફરિયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, હાલનાં આરોપી વિરુઘ્ધ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો સાબિત થયેલ છે. આરોપીએ હાલનાં કેસની ટ્રાયલ દરમ્યાન ફરિયાદીની કાયદેસરની બાકી લેણી રકમ આજદિન સુધી ચુકવેલ નથી. સમાજમાં ચેકો રીટર્ન થવાના કિસ્સા દિન–પ્રતિદિન વધી રહેલ છે ત્યારે સમાજમાં દાખલો બેસાડવા હેતુ આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવા અને ફરિયાદીને યોગ્ય વળતર અપાવવા રજુઆત કરેલ છે.

આરોપી તર્ફે રજુઆત છે કે, આરોપી વિધવા સ્ત્રી ઈસમ છે. તેઓ ઉપર તેમના પરીવારની જવાબદારી છે, જેથી આરોપી ઉપર હોય તેઓ ઉપર દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા વિકલ્પે પ્રોબેશનનો લાભ આપવા રજુઆત કરેલ છે.

ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ કાયદાનો હેતુ છે કે, કોઈ વ્યકિત ઘ્વારા ચેકનો દુરઉપયોગ અપ્રમાણિકતાના હથિયાર તરીકે ન કરવામાં આવે અને જયારે કોઈ વ્યકિત ઘ્વારા ચેક આપવામાં આવે ત્યારે તે ચેક પરત ન ફરે અને જો કોઈ સંજોગોમાં પરત ફરે તો ચેક ઈસ્યુ કરનાર વ્યકિતને નોટીસ ઘ્વારા તેમજ ફરિયાદ દાખલ થાય ત્યારે ચેકની રકમ પરત કરવાની તક રહે છે અને જો ત્યારબાદ પણ ચેકની રકમ પરત ન કરે તો આરોપીને ટ્રાયલ અને તેના પરિણામો ભોગવવા પડે છે. વધુમાં સમાજમાં આવી રીતે ચેકો પરત ફરવાથી વિશ્વાસનું જે વાતાવરણ હોય તે દુષિત થાય છે અને તેમ થવાથી માનવી માનવી વચ્ચેના સબંધોને અસર થાય છે. વધુમાં આ કામના આરોપી વિરુઘ્ધનો ગુનો આર્થિક ગુનો હોય પ્રોબેશનનો લાભ આપી શકાય તેમ નથી.

આ કામે રેકર્ડ ઉપરના પુરાવાઓની ચર્ચા મુજબ આરોપી એ ફરિયાદીને લેણી રકમ સબંધે ચેક આપેલ હતો તે સાબિત થયેલ છે અને તેવી રકમ સંદર્ભેની નોટીસ મળવા છતાં રકમ ચૂકવેલ નથી. વધુમાં આ કેસનો સમન્સ મળવા છતાં કે સમગ્ર ટ્રાયલ દરમ્યાન ફરિયાદીની લેણી રકમ ચુકવવામાં આવેલ નથી. વ્યકિત ધ્વારા ચેકનો દુરઉપયોગ કરી અન્ય વ્યકિતના કાયદેસરના લેણાની રકમ ડુબાડવા માટે પ્રયત્નો કરવામાં આવે છે. કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન્યાયોચીત જણાતી નથી અને સમાજમાં દાખલો બેસે, લોકોનો બેન્કીગ વ્યવસ્થામાં વિશ્ર્વાસ ટકી રહે તે માટે આરોપીને સજા કરવાનું તેમજ ફરિયાદીની લેણી રકમ ચુકવેલ ન હોય તે લેણી રકમનું યોગ્ય વળતર ચુકવવામાં આવે તે પણ જરૂરી છે. આ તમામ સંજોગો અને હકીકતો લક્ષમાં લઈ નીચે મુજબ આખરી હુકમ ફરમાવું છું.

## ::: હુ ક મ :::

**૧.** આ કામના આરોપી–રાઠવા સીતાબેન દિનેશભાઈ, હાલ રહે. સાધના સોસાયટી, અલીપુરા, તા. બોડેલી, જી. છોટાઉદેપુર મુળ રહે. મુ. સરકી મહોડી, ગલમપુરા, જી. પંચમહાલને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) (ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫(૨)) મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના માટે **"તકસીરવાન"** ઠરાવી ૬ **(છ) માસ** ની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫(૩)(ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩)) અન્વયે ફરિયાદ માં જણાવેલ ચેકની રકમ **રૂા.૮૦,૦૦૦/– (અંકે રૂપિયા એંસી હજાર પુરા)** આ કામનાં ફરિયાદીને વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ

દિન–૭ ની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીએ જો કાચા કામના કેદી તરીકે કોઈ સજા ભોગવેલ હોય તેવી સજા આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૬૮ (ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૨૮) મુજબ મજરે મળવા પાત્ર રહેશે.

૪. આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ અર્થે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ–૪૫૮(૨) (ક્રિ.પ્રો.કોડની કલમ–૪૧૮(૨)) અન્વયે સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૧ લી, માહે–જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૦૧/૦૭/૨૦૨૬**
**સ્થળ : બોડેલી**

**( ઉત્પલકુમાર ડી. જાંબુ )**
**જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ.ક.,**
**બોડેલી**
**JUDGE CODE GJ01463**